# રૂપિયાના અવમૂલ્યથી નુકસાન છે અને ફાયદો પણ છે

કબીરા ખડા બજાર મેં

વિન્સી મરચન્ટ

ડોલર સામે રૂપિયાની કિંમત ઘસાઈ રહી છે. ખાસ કરીને છેલ્લાં થોડા મહીનામાં 86 થી વધી 90 રૂપિયાની આસપાસ છેલ્લા એકાદ મહીનાથી ગરબા લઈ રહી છે. છતાં ટકાવારીના હિસાબે એટલી નથી ઘટી જેટલી અગાઉ 1991માં અને ત્યારબાદ મનમોહન સિંહના સમયમાં 2008-09 તેમજ 2013માં ઘટી હતી. આજે ભારતનું અર્થતંત્ર મજબૂત અને તંદુરસ્ત છે ત્યારે રૂપિયાનો ઘસારો લોકોને નવાઈ પમાડે છે. 1991માં અર્થતંત્ર નબળું પડી ગયું હતું. 2008 અને 2009માં વૈશ્વિક કારણોનો ભારતના અર્થતંત્ર પર પ્રભાવ પડ્યો હતો.

પરંતુ સધ્ધર અને તંદુરસ્ત અર્થતંત્રમાં રૂપિયાની કિંમત ઘટી છે તો નાનાં નાનાં કારણોની સાથે મુખ્ય અને મહત્વનું કારણ એ છે કે ભારતમાં આવતા ડોલરનું પ્રમાણ ઘટ્યું છે અને જાવક વધી છે. સપ્લાય અને ડિમાન્ડનો નિયમ શરૂ થયો છે જેમાં અન્ય સારા અને અર્થતંત્ર માટે પ્રોત્સાહક પરિબળોની અવગણના કરે છે. બીજી તરફ દેશની સંસદ ચાલી રહી છે. તેથી જે રીતે અગાઉનાં વરસોમાં ભારતીય જનતા પક્ષે અવમૂલ્યનને રાજકીય રંગ આપ્યો હતો એ રીતે હાલમાં કોંગ્રેસ આપી રહી છે. મનમોહન સિંહના સમયમાં રૂપિયો થોડા સમયમાં 45થી વધીને 51 થયો હતો અને ત્યાંથી પટકાઈને જોતજોતામાં 60ની ઊપર જતો રહ્યો હતો. 41 થી 60 સુધી પહોંચવાનું પ્રમાણ ટકાવારીમાં ગણીએ તો પચાસ ટકાથી વધુ થાય. મોદીના અગિયાર વરસમાં પ્રમાણમાં ઓછા ટકાનો ઘસારો થયો છે, પરંતુ ઘસારો થયો તો છે જ.

હાલના આ ઘટાડા પાછળનું મહત્વનું પરિબળ શું છે? અને ઉદ્યોગ જગત અને ભારતીય નાગરિકોએ ચિંતા કરવાની જરૂર ખરી? જો તમારૂં સંતાન વિદેશ ભણવા જવાનું હોય, પરદેશમાં કોઈક ચૂકવણી કરવાની હોય તો અગાઉ એક હજાર ડોલરના 86 હજારની આસપાસ રૂપિયા ચૂકવવા પડતા હતા તે હવે 90 હજારથી આસપાસ ચૂકવવા પડે, જેટલા ડોલર ખરીદો એ પ્રમાણે નુકસાન. બીજી તરફ વિદેશથી કોઈ ડોલર મોકલે તો અગાઉ 86 હજાર રૂપિયા રાખતા હતા ને હવે 90 હજારની આસપાસ મળે. જેઓનાં સંતાનો વિદેશોમાં કામધંધા કરી ભારતમાં રકમ મોકલે તેઓને ફાયદો થાય. વિદેશી ચલણ અને સ્થાનિક ચલણ એક સમયગાળામાં પોતાનું ખરૂં મૂલ્ય આપોઆપ શોધી લે છે. થોડા લાંબા ગાળા બાદ કોઈ પણ ચલણ તેની ખરી કિંમત કરતા વધારે ઘસાતું નથી. છતાં ક્યારેક વિમાનનો એરપોકેટ્સ નડે એ રીતે પરિબળોમાં કૃત્રિમ અને તે સમય પૂરતા પરિવર્તનો આવ્યા હોય તો તેનો ‘ ટરબ્યુલન્સ ’ કહે છે. તે વખતે ચલણની જે કિંમત ઘટે તે સપાટીએ ચલણ લાંબો સમય ટકી રહે છે અને અથવા જૂની સપાટી ફરીથી પ્રાપ્ત કરે છે. તો વળી વધુ નીચી સપાટીએ પણ જાય છે. જે, જેટલાં અને જેવાં કારણો નડતાં હોય તે પ્રમાણે ચડઉતર કરે છે. ઝિમ્બાબ્વેમાં એક સમય, 2003-08નો, એવો હતો કે જેમાં અમેરિકાના ડોલર સામે ઝિમ્બાબ્વેના ડોલરની કિંમત એક દિવસમાં એક ટ્રિલિયન (એક હજાર અબજ) વધી જતી હતી. રોબર્ટ મુગાબેની ખાડે ગયેલી સરકારનો અમેરિકન ડોલર પર કશો અંકૂશ ન રહ્યો હતો. ટ્રિલિયન-બિલિયન કોણ ગણે ? ક્યારે ગણી રહે? આખરે રોબર્ટ મુગટબેની સરકારે અમેરિકન ડોલરને જ પોતાના ચલણ તરીકે જાહેર કરવો પડ્યો. આ એક હાસ્યાસ્પદ અને બુદ્ધિનું દેવાળું ફૂંકની ઘટના છે. સ્થિતિ વણસી કંઈ હદે પહોંચી શકે તેના ઉદાહરણ માટે તેનો ઉલ્લેખ કર્યો છે. ભારતમાં ડોલર અને રૂપિયા થોડા આગળ પાછળ થઈ નવી સપાટી શોધી લેશે. અગાઉ ઘણી વખત આવું થયું છે અને આ વખતે કંઈ મોટું આભ તૂટી પડવાનું નથી.

રૂપિયાની કિંમત શા માટે ઘટી છે? કારણો ઘણા છે. એક કારણ એ છે કે અર્થતંત્રના અમુક આંકડાઓ હાલમાં થોડા નકારાત્મક છે. ખાસ કરીને વિદેશ વેપારની બાબતમાં આયાત અને નિકાસ વેપાર વચ્ચેની ખાઈ વધી છે. પરિણામે ડોલર પ્રમાણમાં ઓછા આવતા થયા છે. અને તેની જાવક વધી છે. દેશના ઉદ્યોગ ધંધાઓમાં તેમજ શેરબજારમાં (ફોરેન પોર્ટફોલીઓ ઈન્વેસ્ટમેન્ટ) માં વિદેશ રોકાણ ઓછું આવી રહ્યું છે. આપણું વિદેશી હુંડિયામણનું ભંડોળ ઘટી રહ્યું છે. હકીકતમાં ભારત સરકારે, અને ચીન તેમજ અન્ય સરકારીએ અમેરિકી ડોલર પરની નિર્ભરતા ઓછી કરવા, ટ્રમ્પના આગમન બાદ ડોલરના બદલે સોનું ખરીદવાનું ચાલુ કર્યું છે. ભારત સરકારે એક સો અબજ ડોલરનું સોનું ખરીદ્યું છે.



ટ્રમ્પની ટેરીફ પોલીસીએ આ પ્રકારે લગભગ આખી દુનિયાનો અર્થતંત્રોને ડહોળી નાખ્યાં છે. માત્ર ભારતની નહીં પરંતુ અનેક મહત્વના દેશોના ચલણના મૂલ્યમાં ઘટાડો થયો છે. અપવાદો જૂજ છે. રૂપિયા માટે પણ ટ્રમ્પનું સત્તા પર આગમન અપશુકનિયાત નીવડ્યું છે. ભારતની આર્થિક સ્થિતિમાં કોઈ ખામી સર્જાઈ નથી. બલ્કે હાલમાં સ્થિતિ વધુ તગડી બની છે. એટલે મહત્વનું પરિબળ ડોનાલ્ડ ટ્રમ્પની માનસિકતા છે. હવે કોઈ સત્તાધારી, જેનો ભારત સાથે મોટો વેપાર છે એ જીદે ચડે તો ભારત શું કરી શકે? નુકસાન કરી શકે એવા લગભગ તમામ પરિબળો સામે સરકારે પાંખ બાંધી છે. ડોલર જેવું પરિબળ, જે વિદેશી છે અને ભારતનો જેના પર કાબુ નથી તે માત્ર નડી રહ્યું છે. ભારત સરકાર (રિઝર્વ બેન્ક) પોતાની પાસેના ડોલર બજારમાં વહેતા મૂકીને રૂપિયાના અવમૂલ્યનમાં દખલગીરી અથવા ઈન્ટરવેન્શન કરે છે, પણ તેમ કરવામાં ભારત સરકારની કે પછી બીજી કોઈપણ સરકારની ક્ષમતા ઓછી પડે. પરિણામે રૂપિયાને એક વરસ અગાઉની મૂળ સ્થિતિ પર ટકાવી રાખવામાં ભારત સરકાર સફળ રહી નથી. છતાં રૂપિયાને વધું તળિયે જતો જરૂર બચાવ્યો છે. ઘણા વખતથી તેવું રૂપિયાની કિંમતની આસપાસ ટકી રહ્યો છે. તેનો હાલના સમયમાં એ અર્થ થાય કે સરકાર તેને એ સપાટીએ ટકાવી રાખવા માને છે.

**રૂપિયાની કિંમત શા માટે ઘટી છે? કારણો ઘણા છે. એક કારણ એ છે કે અર્થતંત્રના અમુક આંકડાઓ હાલમાં થોડા નકારાત્મક છે. ખાસ કરીને વિદેશ વેપારની બાબતમાં આયાત અને નિકાસ વેપાર વચ્ચેની ખાઈ વધી છે. પરિણામે ડોલર પ્રમાણમાં ઓછા આવતા થયા છે. અને તેની જાવક વધી છે**

સરકારે પણ આયાત પાછળ મસમોટા ખર્ચ અને ચૂકવણીઓ કરવાની હોય. ગયા નાણાકીય વરસમાં ભારતે 133 અબજ અમેરિકી ડોલરનું માત્ર ક્રુડ તેલ આયાત કર્યું હતું. બીજી આયાતો અલગ. ભારત વરસે 850 અબજ ડોલરથી વધુ રકમની આયાત કરે છે. રશિયા સાથેનો વેપાર હવે રૂપિયામાં તેમ જ રૂબલમાં થઈ રહ્યો છે. ભવિષ્યમાં તે પ્રમાણ વધશે તે ભારત માટે માટી રાહત છે. હાલ તુરંત તો ડોલર પરનો આધાર સાવ છોડી શકાય તેમ નથી. પરંતુ ભારતના નવા વલણ સામે ટ્રમ્પ ખાર ખાઈ ગયા છે. સ્વાભાવિક છે કે એમને ડોલરની વૈશ્વિક આણ નબળી પડવા દેવી નથી. ભારતમાં જે વિદેશીઓએ મૂડી રોકાણ કર્યું હતું તેઓ મુંઝાઈને રોકાણ પાછું ખેંચી રહ્યા છે. આથી પણ ડોલરની ડિમાન્ડ વધી છે. દુનિયામાં એક એવો પ્રસાર કે કુપ્રચાર વિદેશી મિડિયા દ્વારા થઈ રહ્યો છે કે ભારતની શેરબજારમાં શેરોનું મૂલ્ય હોવું જોઈએ તેના કરતા વધુ છે, પરિણામે વધુ રોકાણ કરીને ઓછો ફાયદો થાય છે. તેની સાથે એવા દેશોમાં, નામ આપીને, મૂડી રોકાણ કરાવાની સલાહ અપાય છે, જ્યાં શેરબજારમાં શેરોનું કેપિટલાઈઝેશન ખાસ ઊંચે ગયું નથી. ત્યાં આટલા જ રોકાણથી વધુ વળતરની ધારણા બંધાવવામાં આવે છે. પરંતુ એ દેશોમાં નકારાત્મક બાબત એ છે કે ભારતમાં વધી રહ્યું છે એ ઝડપથી કોઈ પણ દેશનું અર્થતંત્ર વધી રહ્યું નથી.

જીડીપીના મોરચે ભારત દુનિયામાં સૌથી શ્રેષ્ઠ દેખાવ કોરોના સંકટ બાદ કરી રહ્યો છે. દુનિયાની અગ્રેસર સંસ્થાઓનું ભવિષ્યકથન છે કે આવતા વરસમાં ભારતનો જીડીપી ગ્રોથ સાત ટકાથી વધુ રહેશે. બેલેન્સ ઓફ પેમેન્ટ અર્થાત વિદેશી સંસ્થાઓ, બિઝનેસ વગેરેની ચૂકવાની થતી રકમની સ્થિતિ પણ ઘણી સદ્ધર છે. ભારતની રિઝર્વ બેન્કે આવતા અગિયાર મહિનામાં આયાત સાથે જ રકમ ચૂકવવાની થાય તેની તૈયારીઓ અગાઉથી કરી રહ્યા છે. આથી રૂપિયા નબળો નથી પરંતુ સેન્ટીમેન્ટ્સને કારણે તેનું મૂલ્ય ઘટ્યું છે.

રૂપિયાનો મૂલ્યને અસર કરે તેવા કોઈ સ્ટ્રકચરલ પરિવર્તનો પેદાં થયા નથી. ફૂગાવો પણ નગણ્ય માત્રામાં છે. નાણા-નીતિ પણ અર્થતંત્રને સાનૂકુળ છે. વ્યાજ-દરમાં તાજેતરમાં ઘટાડો પણ કર્યો. દેશની માળાકીય સવલનો અને સાધનો ઊભાં કરવા માટેનો મૂડીગત (કેપિટલ) ખર્ચ પણ યોગ્ય માત્રામાં થઈ રહ્યો છે. આર્થિક વિકાસ માટેની જે અનુક્રમણિકા, રોડમેપ નક્કી કર્યા છે તેને ચુસ્તપણે વળગીને સરકાર આગળ ઘડી રહી છે.

નિષ્ણાતોનું કહેવું છે કે એવી કોઈ ભયભીત થવા જેવી સ્થિતિ આવી નથી. જો માત્ર છેલ્લા ત્રણ મહિનાના આંકડાને ધ્યાનમાં લઈએ તો રૂપિયાનું મૂલ્ય ખૂબ ખરાબ રીતે ઘટ્યું છે. પરંતુ બે વરસની ક્ષિતિજ પર જોઈએ તો, કોરિયાના ચલણને બાદ કરતા દુનિયાના તમામ નોંધપાત્ર દેશોના ચલણની કિંમતોમાં ભારતીય રૂપિયા કરતાં પણ વધુ મોટી રકમની ગિરાવટ આવી છે. જો કે અગાઉ લખ્યું તેમ આયતો મોંઘી પડશે. આખરે એ પણ ખરૂં છે કે સરકારે ખૂબ હોશિયારીથી કામ લેવું પડશે. પણ તે બાબતે સરકાર સંવેદનશીલ અને પ્રોએક્ટિવ છે જ.

## પુતિનને શુદ્ધ શાકાહારી ભોજનની મેજબાની



રાષ્ટ્રપતિ ભવનમાં રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન માટે પીરસવામાં આવેલું સંપૂર્ણ શુદ્ધ શાકાહારી મેનૂ જોઈને ઘણા લોકો આશ્ચર્યમાં પડી ગયા. આવા રાજકીય ભોજન સમારંભો જોનારાઓ માટે આ નવી વાત હતી. પ્રોટોકોલના નિયમ પ્રમાણે, યજમાન દેશ હંમેશા આવનારા મહત્વના વ્યક્તિના દેશની એમ્બેસી પાસેથી તેમની ખાવાની પસંદગી પૂછતા હોય છે.

રાષ્ટ્રપતિ પુતિન પણ બધા રશિયન લોકોની જેમ, નોન-વેજીટેરિયન છે. તેમ છતાં, આ વખતે સરકારે ફક્ત શુદ્ધ શાકાહારી જમણ પીરસવાનું નક્કી કર્યું. કારણ એ હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને શુદ્ધ શાકાહારી છે, એટલે તેમની પસંદ મુજબ જ જમણ આપવું જોઈએ એવું વિચાર્યું. પણ જે લોકોએ આ નિર્ણય લીધો તેઓ એ ભૂલી ગયા હતા કે રાજ્ય ભોજન સમારંભ (સ્ટેટ બેન્કેટ) એ કોઈનું અંગત જમવાનું નથી. રાષ્ટ્રપતિ ભવન એ રાષ્ટ્રપતિજીનું અંગત ઘર નથી, એ ભારત દેશનું સત્તાવાર નિવાસસ્થાન છે.

ઈધર-ઉધરકી

આરતી જેરથ

રાજ્ય ભોજન એ દેશની મહેમાનનવાજી અને દેશની સૌથી સારી વાનગીઓ પિરસવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ હોય છે. પહેલાં ઈન્દિરા ગાંધી પોતે આવા મેનૂની દેખરેખ રાખતાં હતાં. વિચિત્ર વાત એ છે કે મોદી સરકારના સમયમાં પહેલાં ઘણી વાર માંસાહારી જમણ પણ પીરસવામાં આવ્યું છે, તો આ વખતે અચાનક ફક્ત શાકાહારી જ કેમ?


એમ લાગે છે કે આ એક રાજકીય અને વિચારધારાનું નિવેદન હતું. સરકાર અંદર અને બહાર ઘણા દબાણમાં છે ત્યારે આવું કરવામાં આવ્યું હશે. અધૂરામાં પૂરૂ, દુઃખની વાત એ છે કે જમવાની ગુણવત્તા પણ સારી નહોતી. કોંગ્રેસના સાંસદ શશી થરૂર (જેમનું આમંત્રણ પણ વિવાદમાં હતું) એ પણ મીડિયામાં કહ્યું હતુ કે રાષ્ટ્રપતિ ભવનનું જમણ નિરાશ કરનારું હતું.

## એક ભૂલ અને દેશનું સૌથી મોટુ સંશોધન કેન્દ્ર મુશકેલીમાં




દેશના સૌથી મોટા સંશોધન કેન્દ્રોમાંનું એક ‘સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ’ (CSDS) હાલ નાણાંની મોટી તંગીમાં મુકાઈ ગયું છે. તેનું કારણ એ છે કે ત્યાંના મુખ્ય ચૂંટણી નિષ્ણાત સંજય કુમાર ગયા વર્ષે થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના ડેટા મામલે વિવાદમાં ફસાયા હતા. સંજય કુમારે પોતાની ગણતરીમાં ભૂલ થઈ એ સ્વીકારીને રાજીનામું આપી દીધું. તેમનો ડેટા એવો દેખાતો હતો કે જાણે રાહુલ ગાંધીનો આરોપ સાચો છે કે મહારાષ્ટ્રની ચૂંટણી ભાજપ અને ચૂંટણી પંચ વચ્ચેની ‘ ફિક્સ મેચ’ હતી. આ વિવાદના કારણે સરકાર નારાજ થઈ અને CSDSને મળતું નાણાકીય સહાય બંધ કરી દીધી. આ સંસ્થાને પૈસા ICSSR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ) આપે છે, અને હવે ઘણા મહિનાથી એ ગ્રાન્ટ આવતી બંધ થઈ ગઈ છે. CSDSએ સામાજિક વિજ્ઞાનમાં ખૂબ મોટું નામ કમાયું છે. તેનું લોકનીતિ વિભાગ ચૂંટણીના સર્વે અને ડેટામાં દેશમાં આગળ પડતું રહ્યું છે. પહેલાં યોગેન્દ્ર યાદવ પણ આ જ વિભાગના વડા હતા. આ સંસ્થાની સ્થાપના અને નેતૃત્વ રજની કોઠારી, ધીરૂભાઈ શેઠ અને આશીષ નંદી જેવા મોટા સોશ્યલ સાયન્ટિસ્ટોએ કરી હતી. પણ હવે સંજય કુમારની એક જ ભૂલને કારણે આખી સંસ્થા મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ICSSRએ શો-કોઝ નોટિસ મોકલી છે. CSDSએ જવાબ આપ્યો છે, પણ હજુ તપાસ ચાલુ છે. એ દરમિયાન સંસ્થાના બધા પૈસા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. જે રીતે એક બીજી મોટી સંસ્થા સેન્ટર ફોર પોલિસી રિસર્ચ (CPR) સરકાર સાથે અથડામણમાં આવી અને મુશ્કેલીમાં મુકાઈ, એ જ રીતે હવે CSDS પણ પોતાના અસ્તિત્વ માટે લડી રહી છે.

## પ.બંગાળની ચૂંટણીમાં હવે ‘મુસ્લિમ vs માછ’ની લડાઇ



પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની લડાઈ હવે ‘મુસ્લિમ vs માછલી’ની લડાઇમાં ફેરવાઈ ગઈ છે. બંને પક્ષો એકબીજા સામે વિરોધી વીડિયો ફેલાવી રહ્યા છે. ભાજપનો વીડિયો એવું બતાવે છે કે બંગાળમાં બાંગ્લાદેશી મુસ્લિમ ઘૂસણખોરો અને રોહિંગ્યાઓએ કબજો કરી લીધો છે. એનાથી હિન્દુઓની લાગણીઓને ઉશ્કેરવાનો પ્રયાસ છે. જ્યારે તૃણમૂલનો વીડિયો બતાવે છે કે જો ભાજપ સત્તામાં આવશે તો બંગાળીઓને તેમની સૌથી પ્રિય વાનગી - ‘માછલી’ પણ નહીં મળે! બંને પક્ષો લાગણીઓને ઉશ્કેરે છે : ભાજપ ધાર્મિક લાગણીને અને તૃણમૂલ ખાવા-પીવાની આદતને. બંગાળમાં માછલી ફક્ત પેટ ભરવાની વસ્તુ નથી, એ તો ત્યાંની સંસ્કૃતિનું એક મોટું પ્રતિક છે. બંને પક્ષો એકબીજા સામે ખૂબ જોરદાર આક્રમણ કરી રહ્યા છે તે જોતા લાગે છે કે, આવતા વર્ષે બંગાળની વિધાનસભા ચૂંટણી ખૂબ જ ગરમ દાવાનળ જેવી થવાની છે.

# વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં: વૃદ્ધ સાસુની કેમ કરી હત્યા?

ક્રાઇમ કોડ

પ્રફુલ શાહ

મહાનગર મુંબઈના બોરીવલી કાંદિવલી, મલાડ, અંધેરી, મુલુંડ, વિલેપાર્લે, જોગેશ્વરી અને થાણેમાં એક વિશિષ્ટતા છે: ગુજરાતીપણું. કહી શકાય કે અહીં ઠેરઠેર ગુજરાતી જોવા મળે.

આવા ગુજરાતી પ્રજાથી ધમધમતા ઘાટકોપરમાં તાજેતરમાં માનવામાં ન આવે એવી ઘટના બની ગઈ. બુધવાર તારીખ 27મીની સાંજનો સમય હતો. ઘાટકોપરના મુકુંદનગર સ્થિત એક બિલ્ડિંગના ચોથા માળે રહેતા 65 વર્ષનાં વૃદ્ધાને એમના બહેન ફોન કરતાં હતાં. ફોનની ઘંટડી વાગતી જ રહી પણ ન ફોન ઉપાડાયો કે ન વાતચીત થઈ. બહેનને બહેનની ફિકર થઈ. મનને મનાવ્યું કે ફોન મૂકીને બહાર ગઈ હશે, ફોન સાયલંટ મોડ પર હશે કે બીજા રૂમમાં હશે બહેન. પણ એમ કંઈ ધરપત થોડી થાય.

તેમણે પાડોશી સાયકા અન્સારીને ફોન કર્યો કે બહેન ફોન ઉપાડતી નથી, તો પ્લીઝ તમે એને ત્યાં જાઓ અને વાત કરાવડાવો. સાયકાબાનુ તરત દોડી ગયાં. ડોરબેલ વગાડી. એક, બે ને ત્રણ વાર, થોડી રાહ જોઈને પુનરાવર્તન કર્યું પણ લેશમાત્ર પ્રતિસાદ ન મળ્યો.

હવે કરવું શું? સાયકા અન્સારીને યાદ આવ્યું કે અરે, પાડોશણ શહનાઝ કાઝીના ફ્લેટની વધારાની ચાવી તો પોતાની પાસે છે. તેઓ તરત એક્સ્ટ્રા ચાવી લઈ આવ્યા. ચાવીથી ઘર ખોલીને અંદર ગયાં તો પગ થાંભલો થઈ ગયા અને મગજ ચકરાવે ચડી ગયું. સામે 65 વર્ષના શહનાઝ કાઝી લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા.

ચપટી વગાડતામાં સોસાયટીવાળા ભેગા થઈ ગયા. પોલીસને જાણ કરાઈ. પોલીસે જોયું તો લોહીના ખાબોચિયા વચ્ચે પડેલી શાહનાઝનો જીવ નીકળી ચૂક્યો હતો. પોલીસે




લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી.

હવે ઘાટકોપર પોલીસની અસલી કામગીરી શરૂ થવાની હતી. પ્રાથમિક અંદાજ મુજબ હત્યા એ જ દિવસ એટલે બુધવારે થઈ હતી. પોલીસે આસપાસ રહેતા લોકો સાથે વાતચીત શરૂ કરી. એમના સ્ટેટમેન્ટ લીધા. આ બધામાં પોલીસને સંદેશો આપ્યો કે આ ખૂનમાં કોઈ અંગત સ્વજન કે કુટુંબીની સંડવોણી હોઈ શકે. મૃતક એકલાં રહેતાં હતાં. કોઈ સંતાન નહોતું તો પછી થયું શું? આ શંકામાંથી બે સવાલ ઊભા થતા હતાઃ આ કોણે કર્યું? અને શા માટે? ખૂની બહૂ દૂર જતો રહે કે પુરાવા સાથે ચેડાં કરે, એ અગાઉ પોલીસ એકદમ કામે લાગી ગઈ. પોલીસે ઘટના સ્થળની આસપાસના વિસ્તારને ફેંદી નાખવા દસ-દસ ટુકડી બનાવી. મૃતકના મોબાઈલ ફોનમાં કંઈ ઉપયોગી માહિતી મળી નહોતી એટલે સૌથી વધુ ફોકસ કરવાનું હતુ. ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝનના ફૂટેજ પર પણ વિસ્તાર નાનોસૂનો થોડો હતો! વળી ક્યાંક CCTV ચાલતા ન હોય, ક્યાંક શોભાના ગાંઠિયા જેમ બેઠા હોય અને ક્યાંક વળી સાચવી ન રખાતા હોય.

આ બધા અવરોધ વચ્ચે પોલીસે સામા પ્રવાહે તરવાનું હતું ને સમય જરાય બગાડવાનો ન હતો. એક પછી એક CCTV કેમેરા સ્કેન કરાતા હતા. આછેરી શક્યતા દેખાય અને એનો કેડો પકડે ત્યાં આશાનો ફુગ્ગો ફૂટી જાય.

શહેનાઝ કાઝીના મકાનની બાજુના એક બિલ્ડિંગના CCTVના ફૂટેજમાં ક્યારની આંખ બાળનારી ટીમને કંઈક દેખાયું અને એકદમ સતેજ થઈ ગયા. એની વર્તણૂક અને હિલચાલ શંકાસ્પદ લાગી. એ ક્યાં ગઈ? પોલીસને વધુ CCTV ફૂટેજ જોવાથી એ શહનાઝના બિલ્ડિંગમાં પ્રવેશતી દેખાઈ. એટલું જ નહિ, એ શહનાઝના ફ્લેટમાં અંદર જતી અને બહાર નીકળતી પણ નજરે ચડી.

એટલે આ બાનુ શહનાઝને છેલ્લી વાર જીવતી જોનારી વ્યક્તિ છે? જો તેણે કંઈ ન કર્યું હોય તો પણ એની પાસે ઘણી ઉપયોગી માહિતી હોઈ શકે.

એ શંકાસ્પદ મહિલાના ફોટા શહનાઝ કાઝીના પાડોશીઓને બતાવતા ઘટનામાં નવો ફણગો ફૂટ્યો. એ 50 વર્ષની મહિલા મુમતાઝ ઈરફાન ખાન હતી. એટલું જ નહિ, શહનાઝની પુત્રવધૂ હતી! શહનાઝ તો નિઃસંતાન હતી તો પછી પુત્રવધૂ કેવી રીતે? એવો સવાલ પોલીસે કર્યો. જવાબ મળ્યો કે શહનાઝના પતિ અનીસે બે નિકાહ કર્યા હતા. અનીસે પહેલા નિકાહ આઈશા સામે કર્યા હતા. અનીસ-આઈશાને ચાર સંતાન હતાં. ચારેચાર પુત્ર એમાં સૌથી નાના દીકરા ઈરફાનની બીબી એટલે આ મુમતાઝ.

પણ મુમતાઝ ઈરફાન ખાન શા માટે પોતાની સાવકી સાસુને મારી નાખે! પોલીસ ઊંડી ઊતરી તો ખબર પડી કે શહનાઝના ઘાટકોપર અને કુર્લામાં બે ફ્લેટ છે. ચોક્કસ એ બંનેની કિંમત બે-ત્રણ કરોડની હોઈ શકે.

**એ શંકાસ્પદ મહિલાના ફોટા શહનાઝ કાઝીના પાડોશીઓને બતાવતા ઘટનામાં નવો ફણગો ફૂટ્યો. એ 50 વર્ષની મહિલા મુમતાઝ ઈરફાન ખાન હતી, શહનાઝની પુત્રવધૂ! શહનાઝ તો નિઃસંતાન હતી તો પછી પુત્રવધૂ કેવી રીતે?**

છોગામાં મોટું બેન્ક બેલેન્સ અને ઘણાં ઘરેણાં. શહનાઝને કોઈ સગું સંતાન ન હોવાથી મુમતાઝે બધું પચાવી પાડવા માટે આ હત્યા કરી હોવાનું પોલીસે જાહેર કર્યું હતું.

મુમતાઝ ઈરફાન ખાનની ધરપકડ બાદ પૂછપરછમાં તેણે કબૂલી લીધું હતું કે મેં હત્યા અને ઘરેણાંની ચોરી કરી હતી. સાસુના માથા પર કંઈક ભારેખમ ઝીંકીને એમની હત્યા કર્યાની તેણે કબૂલાત પણ કરી હતી.

આ હત્યા અને ધરપકડ બાદ પોલીસે જાહેર કર્યું હતું કે મૃતક શહનાઝ અનીસ કાઝી મૂળ ગુજરાતી છે. એમનું સાચું નામ લતા ઠક્કર હતું. હાલાઈ લોહાણા જ્ઞાતિના આ બહેને વરસો અગાઉ અનીસ સાથે નિકાહ કર્યા બાદ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો હતો.

‘વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં’ ઉક્તિ ફરી વાર, લોહીલુહાણ રીતે સાચી પડી પણ મુમતાઝને નાસમજીમાં મળ્યું શું?

